---

**પ્રતિવાદી નં. ૧૧/૩– રમેશભાઈ લાલજીભાઈ સેજરીયા**

---

## આંક ૧૨૩ ની ઉલટતપાસ

સોગંદ આપ્યા.

**વાદી તરફે ઉલટતપાસ વિ.વ.શ્રી. જે.એન.અતીત**

1. મારી ૬૩ વર્ષની ઉંમર છે. હાલ હું વાડધરી ગામે રહું છુ અને ખેતી કરુ છું. મારી પાસે ૨૦ વીઘા જમીન છે. ૨૦ વીઘા જમીન મારા પિતાશ્રી તરફથી વારસાઈમાં મળેલ છે.
2. મારી ઉંમરના આધારમાં જન્મનો દાખલો થતા સ્કુલ લીવીંગસર્ટી છે. સ્કુલ લીવીંગસર્ટી હું રજુ કરી શકું. મારી માતુશ્રીનું નામ રડીબેન હતું તે અવસાન પામેલ છે. તે આશરે ૩ વર્ષ અગાઉ અવસાન પામેલ.
3. એ વાત ખરી છે કે, મારા માતૃશ્રી પર હાલનો દાવો થયેલ છે મારી સામે કોઈ દાવો થયેલ નથી પરંતુ મારા માતુશ્રી નું અવસાન થતાં મને દાવામાં વારસદાર તરીકે જોડેલ છે.
4. મને વારસદાર તરીકે આ દાવામાં જોડવામાં આવ્યો ત્યારપછીની હકિકતનો ખ્યાલ છે પરંતુ હું જોડાણો તે પહેલાની હકિકતનો પણ મને ખ્યાલ છે. એ વાત ખરી છે કે, આ દાવામાં મારા માતુશ્રીએ જે કાંઈ જવાબ રજુ કરેલ છે તેનો મને ખ્યાલ છે. મેં અલગથી કોઈ જવાબ રજુ કરેલ નથી. મારા માતુશ્રીએ આ દાવાના આંક ૧૩ જે મારા માતુશ્રીએ જવાબ રજુ કરેલ તે છે અને તેમાં ડાબી બાજુ પહેલી લીટીમાં અંગુઠો કરેલ છે જે હું ઓળખી બતાવુ છું.
5. એ વાત ખરી છે કે, મારા માતુશ્રીના જવાબ (આંક–૧૩) માં એવી હકિકત જણાવેલ નથી કે, “તા. ૨૪/૦૪/૧૯૮૫ માં બધા સાથે મળીને ગુંદાસરા ગ્રામ પંચાયત કચેરીમાં ગયેલાં ત્યાં હું પણ હાજર

હતો મારી માતા સાથે ગયેલો અને મારા માતા તથા તમામ બહેનોએ ૧૩૫(ડી) ની નોટીસમાં તથા તેના અનુસાંગીક કબુલાતમાં સહીઓ કરેલ".

6. હું શૈલેષભાઈ ભીખુભાઈ રૂપારેલીયાને ઓળખું છું. એ વાત ખરી છે કે, મારી માતાનો અંગુઠો આંક – ૧૩ માં શૈલેષભાઈએ ઓળખાવેલ છે. મારે તથા શૈલેષભાઈ ને સારા સબંધો છે અને અમારા વાર–તહેવારે, અવાર નવાર મળવાનું થાય અને છેલ્લે ૧૫ દિવસ પહેલા મળેલા. શૈલેષભાઈ ખેતી કરે છે અને ગુંદાસરા તેમજ રાજકોટ બંને જગ્યાએ રહે છે.

7. એ વાત ખરી છે કે, શૈલેષભાઈએ મને ૧૫ દિવસ પહેલાં મળેલા ત્યારે કોર્ટમાં તેની ઉલટતપાસમાં શું શું પુછવામાં આવેલ તે તેઓએ મને જણાવેલ.

8. મને કેસના રેકર્ડમાંથી આંક – ૫૯ બતાવવામાં આવે છે જે જોઈને કહું છું કે, જે સર્વે નં. ૩/૧ ગુંદાસરા ગામના રેવન્યુ ગામ નમુના નં. ૭ છે અને તેમાં પહેલું નામ વાદીનું છે. તા. ૧૨/૦૯/૨૦૧૫ ની કલાકે 2pm નો છે.

9. એ વાતની મને ખબર નથી કે, તા. ૧૨/૦૯/૨૦૧૫ પછી આ કામના વાદી હેમીબેનએ સર્વે નં. ૩/૧ તથા ૩/૨ ગુંદાસરા માંથી હક્ક કમી કરેલ છે કે કેમ? એ વાત ખરી છે કે, રેવન્યુ સર્વે નં. ૩/૧ તથા ૩/૨ માં તા. ૧૨/૦૯/૨૦૧૫ પહેલા અને સને ૧૯૮૫માં હક્ક જતો થયેલ હોય તો આંક – ૫૯, ૬૧ વાળા રેવન્યુ રેકર્ડમાં તેમનું નામ ન હોય.

10. એ વાત ખરી નથી કે, રેવન્યુ સર્વે નં. ૨૮૨ વાળી મિલ્કતમાંથી ધીરજભાઈ ના સ્વતંત્ર હિસ્સામાં કૌટુંબિક સમજુતીથી મિલકત આવેલ છે. એ વાત ખરી નથી કે, હું તા. ૨૪/૦૪/૧૯૮૫ ના ગુંદાસરા જવાની હકિકત ખોટી જણાવું છું. એ વાત ખરી નથી કે, મેં બાકીના પ્રતિવાદીઓને મદદ કરવા ખોટું સોગંદનામું આપેલ છે.

**ઉલટતપાસ પુરી.**
**ફેરતપાસ નથી.**
Dt - 21/01/2026

**સાહેદને જુબાની વાંચી સંભાળાવતા**
**ખરી હોવાનું કબુલ રાખે છે.**

**અમારા રૂબરૂ**

**3rd Sr. Civil Judge**
**Gondal**

**3rd Sr. Civil Judge**
**Gondal**